RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 305, Dt.14-02-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અદાણી-હિડનબર્ગ કેસમાં સુપ્રિમના આદેશમાં ભૂલ હોવાની અરજી



## અરજીમાં ૩ જાન્યુઆરીના નિર્ણય પર ફરીથી વિચાર કરવાનો અનુરોધ કરાયોઃ નિર્ણયમાં ભૂલો અને ત્રૃટી હોવાની રજૂઆતઃ સેબીએ પોતાના રિપોર્ટમાં આરોપોને ધ્યાનમાં રાખીને શરૂ કરેલી ૨૪ તપાસની સ્થિતિના બારામાં કોર્ટને માત્ર અપડેટેડ જાણકારી આપી છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અદાણી-હિડનબર્ગ મામલામાં સુપ્રિમ કોર્ટના ફેસલા સામે અરજી કરવામાં આવી છે. અરજીમાં ત્રણ જાન્યુઆરીનાં નિર્ણય પર ફરીથી વિચાર કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. સુપ્રિમ કોર્ટે અદાણી ગ્રુપ દ્વારા શેર મુલ્યોમાં કથિત હેરાફેરીના આરોપોની તપાસ વિશેષ દળ (એસઆઈટી) કે સીબીઆઈને સોંપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. સુપ્રિમ કોર્ટે પોતાના નિર્ણયમાં જણાવ્યું હતું કે બજાર નિયામક સેબી,આરોપોની વ્યાપક તપાસ કરી રહી છે. સેબીની રીત 'વિશ્વાસ પ્રેરીત'કરનાર છે.

આ નિર્ણયની સામે દાખલ અરજીમાં દાવો કરાયો છે કે નિર્ણયમાં ભૂલો અને ત્રુટીઓ હતી. અરજી અનામિકા જયસ્વાલ તરફથી દાખલ કરાઈ છે. જે મામલાનાં અરજદારો પૈકી એક હતા વકીલ નેહા રાઠીનાં માધ્યમથી અરજી દાખલ કરાઈ છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે સેબીએ પોતાના રિપોર્ટમાં આરોપોને ધ્યાનમાં રાખીને શરૂ કરેલી ૨૪ તપાસની સ્થિતિનાં બારામાં અદાલતને માત્ર અપડેટેડ જાણકારી આપી છે.

ભલે તપાસ પૂરી થઈ હોય કે અધૂરી રહી હોય પણ તેણે કોઈપણ નિતકાર કે કરવામાં આવેલી કાર્યવાહીનો ખુલાસો નથી કર્યો જ્યાં સુધી સેબી તપાસનો રિપોર્ટ જાહેર નથી કરતી ત્યાં સુધી આ નિષ્કર્ષ ન કાઢી શકાય કે કોઈ નિયામક નિષ્ફળતા નથી થઈ.

# ખેડૂતો આકરા પાણીએ આંદોલન બન્યું હિંસક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



પોતાની માંગોને પંજાબથી દિલ્હીની બાજુ કુચ કરી રહેલા ખેડૂતોનું આંદોલન હિંસક રૂપ લેતુ જઈ રહ્યું છે. પોલીસની સાથે ઝપાઝપીમાં અત્યાર સુધી ઘણા પ્રદર્શનકારી ઘાયલ થયા છે.હરિયાણા સરકારે ખેડૂતોના દિલ્હી ચલો આંદોલનને ધ્યાનમાં રાખી સાત જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ અને અક સાથે ઘણા મેસેજ ફોરવર્ડની સેવાઓ પર પ્રતિબંધ લગાવ્યો છે. જે બે દિવસ સુધી વધારીને ૧૫ ફેબ્રુઆરી સુધી કરી દેવામાં આવ્યો છે. સરકારે આદેશ આપ્યો છે કે અંબાલા, કુરૂક્ષેત્ર, કૈથલ, જીંદ, હિસાર, ફતેહાબાદ અને સિરસામાં આ પ્રતિબંધ લાગુ રહેશે. ખેડૂતોને રોકવા માટે દિલ્હી સાથેની તમામ સરહદો સીલ કરી દેવામાં આવી હતી. સિંઘુ બોર્ડર, ટિકરી બોર્ડર અને ગાઝીપુર બોર્ડર પર મોટી સંખ્યામાં પોલીસ દળો તૈનાત છે. સરહદ કાંટાળા તાર અને સિમેન્ટના બેરિકેડથી ઢંકાયેલી છે. ખેડૂતો તેમની માંગ પર અડગ છે. ખેડૂતોનું કહેવું છે કે સરકાર તેમની માંગણીઓ પ્રત્યે ગંભીર નથી. આવી સ્થિતિમાં તમામ અવરોધો છતાં ખેડૂતો આજે દિલ્હી તરફ કૂચ કરવાનો પૂરો પ્રયાસ કરશે.

પટિયાલામાં શંભુ અને જીંદમાં દાતાસિંહવાલાની સીલબંધ સરહદ પર પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચે ઘણી અથડામણ થઈ હતી. પથ્થરમારો અને બેરિકેડ તોડવાનો પ્રયાસ કરી રહેલા ખેડૂતોને વિખેરવા પોલીસે ટીયર ગેસના શેલ, વોટર કેનન અને રબરની ગોળીઓનો ઉપયોગ કર્યો હતો. જીંદમાં પણ ખેડૂતો પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. બંને સરહદો પર થયેલી અથડામણમાં અંબાલાના નારાયણગઢના ડીએસપી સહિત ૧૦૦ ખેડૂતો અને ૧૯ જવાનો ઘાયલ થયા છે. આ બાજુ પંજાબ સરકારે શંભૂ અને ખનૌરી બોર્ડર પર પોલીસની સાથે ઝપાઝપી બાદ ઘણા ખેડૂતોના ઘાયલ થવાને ધ્યાનમાં રાખી હરિયાણા સીમા સાથે જોડાયેલા હોસ્પિટલમાં એલર્ટ જાહેર કરી દીધુ છે.

# ગુજરાત રાજ્યસભા માટે ભાજપે ચાર ઉમેવારોના નામની કરી જાહેરાત

## જે.પી. નડ્ડા, ગોવિંદ ધોળકિયા, રાજ્ય ભાજપ બક્ષીપંચના પ્રમુખ મયંક નાયક અને ડો.જશવંતસિંહ પરમારના જાહેર કરાયા નામ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાત રાજ્યની રાજ્યસભાની ચાર બેઠકો માટે ગુરુવારે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ છે. એ પહેલા આજે ભાજપે ચાર ઉમેદવારના નામની જાહેરાત કરી હતી, જેમાં જે.પી.નડ્ડા, મયંક નાયક (ખફુફક્ષસ ગફુફસ), ગોવિંદ ધોળકિયા અને ડો. જશવંતસિંહ પરમાર સામેલ છે.

રાજ્યસભાની બેઠકમાં છેલ્લા અઢી દાયકાથી ભાજપનું રાષ્ટ્રીય નેતૃત્વ એક બેઠક રાજ્ય બહારના નેતાને આપે છે. આ પહેલા કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકર પણ ગુજરાતના રસ્તે રાજ્ય સભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. હવે તેમાં વધુ એક બિન ગુજરાતી તરીકે ભાજપ અધ્યક્ષ જે. પી. નડ્ડાનું નામ ઉમેરાશે.



નોંધનીય છે કે ચૂંટણી પંચે દેશના ૧૫ રાજ્યોની ૫૬ રાજ્યસભા બેઠકોની ચૂંટણી જાહેરાત કરી હતી. પંચના જણાવ્યા મુજબ રાજ્યસભાની ચૂંટણી માટે ૮ ફેબ્રુઆરીથી ૧૫ ફેબ્રુઆરી સુધીમાં ઉમેદવારીપત્ર દાખલ કરાશે અને ૨૦ ફેબ્રુઆરી સુધીમાં ઉમેદવાર પોતાનું ઉમેદવારીપત્ર પરત ખેંચી શકે છે, જ્યારે ૨૭ ફેબ્રુઆરીએ મતદાન અને મતગણતરી બંને હાથ ધરાશે. રાજ્યસભાના ૫૦ સભ્યોનો કાર્યકાળ બે એપ્રિલે જ્યારે ૬ સભ્યોનો કાર્યકાળ ત્રણ એપ્રિલે સમાપ્ત થતો હોવાથી ચૂંટણી પંચે ચૂંટણીની તારીખો જાહેર કરી હતી. રાજ્યસભાની ચૂંટણી જે રાજ્યોમાં યોજાવાની છે તેમાં આંધ્રપ્રદેશ બિહાર , છત્તિસગઢ , ગુજરાત હરિયાણા, હિમાચલપ્રદેશ , કર્ણાટક , મધ્યપ્રદેશ , મહારાષ્ટ્ર, તેલંગણા , ઉત્તરપ્રદેશ , ઉત્તરાખંડ , પશ્ચિમ બંગાળ, ઓડિશા , રાજસ્થાન નો સમાવેશ થાય છે.

# ઉત્તરાખંડના રસ્તા વર્ષના અંત સુધીમાં અમેરિકા જેવા થઈ જશે

## કેન્દ્રીય માર્ગ પ્રધાન ગડકરીનો દાવોઃ ઉત્તરાખંડમાં નેશનલ હાઈવે પાછળ કુલ ૧,૪૦,૦૦૦ કરોડ રુપિયા ખર્ચાયા છે

**મુખ્ય સમાચાર, દહેરાદૂન**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવેઝ પ્રધાન નીતિન ગડકરીએ મંગળવારે જણાવ્યું હતું કે કેન્દ્ર ઉત્તરાખંડમાં રોડ ઇન્ફ્રાસ્ટ્રકચર પાછળ બે લાખ કરોડ રુપિયા ખર્ચી રહી છે અને ૨૦૨૪ના અંત સુધી તેના રોડ અમેરિકા જેવા થઈ જશે.



ગડકરીએ તનકપુર ખાતે બે હજાર કરોડ રુપિયાના નેશનલ હાઇવે પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરતા આ વાત જણાવી હતી. ગડકરીએ જણાવ્યું હતું કે ઉત્તરાખંડમાં રોડ ઇન્ફ્રાસ્ટ્રકચર પાછળ ૧.૪૦ લાખ કરોડ રુપિયા ખર્ચાઈ ચૂક્યા છે અને બીજા ૬૦,૦૦૦ કરોડ રુપિયાના ખર્ચ સાથે કુલ બે લાખ કરોડ રુપિયા ખર્ચાશે.

તેમણે જણાવ્યું હતું કે સીએમ પુષ્કરસિંહ ધામીની હાજરીમાં હું જાહેરાત કરુંછુંકે ૨૦૨૪ના અંત સુધીમાં ઉત્તરાખંડમાં નેશનલ હાઇવેના રસ્તા આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબના હશે. આ રસ્તા અમેરિકાના રસ્તા જેવા હશે.

ગડકરીએ ઉમેર્યુ હતું કે ઉત્તરાખંડમાં ૨૦૧૪માં ૨,૫૧૭ કિ.મી.ના હાઇવે હતા. હવે દાયકામાં તેમા હજાર કિ.મી.થી વધુનો ઉમેરો થયો છે. સીએમ પુષ્કર ધામીએ જણાવ્યું હતું કે તનકપુર ખાતેની માર્ગ યોજના સમયની તાતી જરુરિયાત હતી. તેને શક્ય બનાવવા માટે હું ગડકરીજીનો આભાર માનું છું. આ પ્રોજેક્ટના લીધે માનસખંડ વિસ્તારને મોટાપાયા પર કનેક્ટિવિટી પૂરી પાડશે.

# ઓનલાઈન છેતરપિંડીના નાણાં હવે સરળતાથી પાછા મળી શકશે

## સરકારના આદેશને પગલે તમામ બેન્કો સ્ટાન્ડર્ડ પ્રક્રિયા-માર્ગદર્શિકા તૈયાર કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ડીજીટલ યુગમાં ઓનલાઈન છેતરપીંડીના બનાવો રોકવા માટે નવી મહત્વાકાંક્ષી પ્રક્રિયાની દિશામાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે જે અંતર્ગત ઓનલાઈન ઠગાઈનો શિકાર બનતા લોકોને નાણાં પરત મળી શકે. આ માટે બેંકો દ્વારા સંયુક્ત પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ઓનલાઈન છેતરપીંડીમાં નાણાં ગુમાવનારા કે ભુલથી અન્ય વ્યક્તિના ખાતામાં નાણાં જમા થઈ જવાના કિસ્સામાં ગ્રાહકોને મોટી રાહત મળી શકે છે. આ પ્રકારના પીડિત ગ્રાહકોને ગુમાવેલી રકમ તાત્કાલીક અને સરળતાથી પરત મળી જશે. બેંકો સાથે સંકલન કરીને પ્રક્રિયા તૈયાર કરવામાં આવી રહી છે અને તેના આધારે તપાસ એજન્સીઓ માટે કાર્યવાહી કરવાનુ પણ સરળ થઈ જશે.




કેન્દ્ર સરકારના સૂત્રોએ જણાવ્યું હતું કે બેંકો તથા નાણાં સંસ્થાઓ માટે સ્ટાંડર્ડ પ્રક્રિયા ઘડવામાં આવશે. નાણાંમંત્રાલય દ્વારા ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી તેમાં નાણાંવિભાગના સચીવો તથા બેંકોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષમાં ઓનલાઈન છેતરપીંડીમાં હજારો ગ્રાહકોએ કરોડો રૂપિયા ગુમાવ્યા હતા. ૨૦૨૩ના વર્ષમાં ૧૩૫૩૦ લોકો ઓનલાઈન છેતરપીંડીનો ભોગ બન્યા હતા તેમાં ૪૯ ટકા કેસ ડીજીટલ લેવડદેવડની ઠગાઈના હતા. નાણામંત્રાલયમાં યોજાયેલી બેઠકમાં સ્ટાંડર્ડ સંચાલન પ્રક્રિયા વિકસાવવાની યોજના પર ચર્ચા કરવામાં આવી હતી જેમાં છેતરપીંડીનો ભોગ બનેલા ગ્રાહકોને બેંકો તરફથી તુર્ત અને સરળતાથી નાણાં પરત કરવાની જોગવાઈ છે. હાલના તબક્કે ગ્રાહકોને નાણાં પરત કરવા માટેની કોઈ નિયત કે ચોકકસ માર્ગદર્શિકા નથી.

અધિકારીઓના કહેવા પ્રમાણે ઓનલાઈન છેતરપીંડી સામે સ્ટાંડર્ડ માર્ગદર્શિકા નકકી થવાના સંજોગોમાં બેંકો તથા તપાસ એજન્સીઓ વચ્ચે સંકલન વધી શકશે. ઓનલાઈન છેતરપીંડીના સંજોગોમાં સરળતાથી માહિતી મળી શકશે અને આ નાણાં તુર્ત પાછા પણ મેળવી શકશે.

ઓનલાઈન છેતરપીંડી વિશે ગ્રાહકો ગમે ત્યારે ફરિયાદ કરી શકે કે બેંકોનું ધ્યાન દોરી શકે તે માટે ૨૪ કલાકના નોડલ અધિકારી તૈનાત કરવાની સરકાર દ્વારા સૂચના આપવામાં આવી છે. બેંકો તથા નાણાંસંસ્થાઓ સરકારના સંબંધીત વિભાગોને પણ તુર્ત માહિતી આપી શકે તે માટે પણ સ્ટાંડર્ડ પ્રક્રિયા તૈયાર થઈ રહી છે.


# લોક પરીક્ષા બિલ બન્યું કાયદો, રાષ્ટ્રપતિએ આપી મંજૂરી, હવે ગડબડ કરનારાઓને ૧૦ વર્ષ સુધીની થશે સજા

## આ કાયદા હેઠળ પેપર લીક કરનાર સામે પોલીસ સીધી જ કાર્યવાહી કરી શકશેઃ શંકાસ્પદની ધરપકડ કરી શકશે, કથિત ગુનાઓ સમાધાન દ્વારા ઉકેલી શકાશે નહીં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકારી ભરતી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર લીક અને નકલી વેબસાઈટ જેવી અનિયમિતતાઓ વિરૂદ્ધ ત્રણ વર્ષથી ૧૦ વર્ષની જેલની સજા અને ઓછામાં ઓછા એક કરોડ રૂપિયાના દંડની જોગવાઈ વાળા 'લોક પરીક્ષા વિધેયક, ૨૦૨૪'ને મંગળવારે લોકસભામાં પસાર થયા બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પણ મંજૂરી આપતા હવે આ કાયદો બની ગયો છે.

બિલની જોગવાઈ મુજબ જો કોઈ વ્યક્તિ પરીક્ષા લીક કરશે અથવા પ્રશ્ન પેપર સાથે છેડછાડ કરતો પકડાશે તો દોષિત ઠેરવ્યા બાદ તેને ૧૦ વર્ષની સજા અને એક કરોડ રૂપિયાનો દંડ ફટકારાશે. આ ઉપરાંત પોલીસ સીધી જ કાર્યવાહી કરી શકશે અને શંકાસ્પદની ધરપકડ કરી શકશે. કથિત ગુનાઓ સમાધાન દ્વારા ઉકેલી શકાશે નહીં.




રાષ્ટ્રપતિએ બિલને મંજૂરી આપી દીધી છે. આ બિલ વર્ષભર મહેનત કરી પરીક્ષાની તૈયારી કરનાર વિદ્યાર્થીઓ માટે રાહત સમાન છે. ઘણી વાર પેપર લીક થતા વિદ્યાર્થીઓની મહેનત પાણીમાં જતી રહે છે.

લોકસભામાં બિલ પાસ થયા બાદ કેન્દ્રીય કર્મચારી રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું હતું કે, વિદ્યાર્થીઓ કે ઉમેદવારો આ કાયદાના દાયરામાં આવતા નથી. તેમણે કહ્યું કે, એવો સંદેશ પણ ન જવો જોઈએ કે, આ કાયદાથી ઉમેદવારો પરેશાન થશે. આ કાયદો પરીક્ષા સિસ્ટમ સાથે છેડછાડ કરનારાઓ વિરુદ્ધ લવાયો છે. આ વિધેયક રાજકારણથી ઉપર છે અને દેશના દીકરા-દીકરીના ભવિષ્ય સાથે જોડાયેલ છે.' ગેરરીતિના કારણે પરીક્ષા રદ થાય તો પુનઃ પરીક્ષા માટે સમય મર્યાદા નક્કી કરવાના કેટલાક સભ્યોના સૂચન પર તેમણે કહ્યું કે, આવા કિસ્સાઓમાં ઈઇઈ તપાસ અને અન્ય પ્રક્રિયાઓ શરૂ કરવામાં આવે છે, તેથી સમય મર્યાદા નક્કી કરવી શક્ય નથી, પરંતુ પરીક્ષા સમયસર યોજવા સરકારે પ્રયત્નો કરવા પડશે.

અગાઉ પેપર લીકની અનેક ઘટનાઓ સામે આવી છે, જેના કારણે સતત બનતી આવી ઘટનાઓના કારણે વિદ્યાર્થીઓના ભાવિ સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે. સરકારને લોકોના રોષનો ભોગ બનવું પડે છે. મોટા હોદ્દેદારો કે જેઓ બદલાય છે પરંતુ પદ્ધતિ ના બદલાતી હોવાથી આ પ્રકારની ઘટનાઓ સતત બનતી રહે છે. તેથી પેપર લીકનો નવો કાયદો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જાળવવામાં મહત્વની ભૂમિકા નિભાવશે.

# નવા સ્કેમથી સાવધાનઃ કોઈ અજાણ્યા નંબર પહેલા *૪૦૧ લગાવીને ડાયલ ન કરવા DOT ની સલાહ

## કોઈ ગ્રાહક જો આમ કરશે તો તેના મોબાઈલમાં સરળતાથી કોલ ફોરવર્ડીંગ એક્ટિવ થઈ જશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સાયબર માફિયાઓ નવી-નવી ટેકનિક અજમાવી નાગરિકોને ઠગી રહ્યા છે. વધતાં જતા સાયબર ફ્રોડ સામે હવે તો પોલીસ અને સરકાર માટે એક પડકાર બની ગયો છે. તેના માટે સરકાર દ્વારા સમયાંતરે એડવાઈઝરી જારી કરવામાં આવે છે. જેમા હવે કોલ ફોરવર્ડિંગ સ્કેમથી સાવધાન રહેવા માટે જણાવ્યું છે. DOTએ એક એડવાઈઝરી જારી કરી છે, જેમા તેમણે, કોઈ અજાણ્યા નંબર પહેલા ★૪૦૧ લગાવીને ડાયલ ન કરવાની સલાહ આપી છે. સરકારે નાગરિકોને સાયબર ફ્રોડની આ નવી ટેકનિક પર ચેતવણી જાહેર કરી છે.



ટેલિકોમ્યુનિકેશન વિભાગના સંચાર મંત્રાલયે નાગરિકોને આ પ્રકારના કોઈ ઈનકમિંગ કોલ આવે તો સાવધાન રહેવાની સલાહ આપી છે. જેમા તેમને ★૪૦૧ અને તેના પછી એક અજાણ્યો મોબાઈલ નંબર પર ડાયલ કરવાનું કહેવામાં આવે છે. અને જો તમે આમ કર્યું તો કોલ ફોરવર્ડિંગ એક્ટિવ થઈ જશે, અને તે નાગરિકના તમામ કોલ /મેસેજ સરળતાથી અજાણ્યા નંબર પર ફોરવર્ડ થઈ જશે. તે પછી આ ઠગ સરળતાથી છેતરપિંડી કરી શકે છે.

૧. છેતરપિંડી કરનાર વ્યક્તિ ટેલિકોમ ગ્રાહકને કોલ કરે છે અને તેમના ટેલીકોમ સર્વિસ પ્રોવાઈડરના ગ્રાહક સેવા કેન્દ્ર પ્રતિનિધિ અથવા ટેક્નિકલ સહાયક કર્મચારી હોવાનો ઢોંગ કરે છે.

૨. એ પછી છેતરપિંડી કરનાર ઠગ ગ્રાહકને કહે છે અથવા તેમના સિમ કાર્ડમાં કોઈ સમસ્યા છે, અથવા નેટવર્ક અથવા સેવાની ગુણવત્તા સંબંધિત કોઈ મુશ્કેલી છે, તો આ મુશ્કેલી દુર કરવા માટે તેમને એક વિશિષ્ટ કોડ ડાયલ કરવો પડશે, અને આ કોડ સામાન્ય રીતે ★૪૦૧ થી શરુ થાય છે અને તેના પછી એક મોબાઈલ નંબર હોય છે.

૩. ગ્રાહકે આવું કર્યા પછી તેમના મોબાઈલમાં સરળતાથી કોલ ફોરવર્ડિંગ એક્ટિવ થઈ જાય છે અને તેના ફોન પર આવનારા દરેક કોલ વગેરે આ છેતરપિંડી કરનાર ઠગના મોબાઈલ નંબર પર મોકલી દેવામાં આવે છે.

૪. છેતરપિંડી કરનાર વ્યક્તિ દરેક ઈનકમિંગ કોલ મેળવે છે અને તેનો ઉપયોગ કરીને છેતરપિંડી આચરે છે.

ઉઘ ના કહેવા પ્રમાણે ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર કંપની તેના ગ્રાહકોને ક્યારેય ★૪૦૧ ડાયલ કરવા માટે નથી કહેતી. તમારા મોબાઈલ ફોનના સેટિંગની તપાસ કરો કે ક્યાંક તમારુ કોલ ફોરવર્ડિંગ તો ચાલુ નથી ને.. આવું થવા પર તરત જ કોલ ફોરવર્ડિંગને બંધ કરી દો. આ સુવિધાનો ઉપયોગ માત્ર જરુરીયાત હોય તો જ કરો.

# જામનગર શહેરમાં શ્વાનના આતંક સામે મહાનગર પાલિકા દ્વારા ખસીકરણ ઝુંબેશ હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં કુતરા નો ત્રાસ ખૂબ જ વધી ગયો હોવાથી જામનગર મહાનગરપાલિકા દ્વારા કુતરાઓની વસ્તી વધારાને નિયંત્રણમાં લાવવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરી લેવામાં આવી છે, અને ખાનગી કોન્ટ્રાકટર પાર્ટી દ્વારા શહેરમાથી કૂતરાઓ માટેની ખસિકરણ ની ઝુંબેશ શરૂ કરાઈ છે, જેના ભાગરૂપે ૯૧૬ શ્વાનનું ખસીકરણ કરી લેવાયું છે. જે કાર્યવાહી અવિરત ચાલુ રખાઇ છે.જામનગર મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં ખાનગી પાર્ટીને શ્વાન ને ખશીકરણ માટેનો કોન્ટ્રાકટ અપાયો હતો, અને શહેરમાંથી અંદાજે ૨.૦૦૦ જેટલા કુતરાઓનું ખસીકરણ કરવા



માટે નો ટાર્ગેટ અપાયો છે. જેના અનુસંધાને ગત ૨૩.૧૨.૨૩ થી ખસીકરણની ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી, અને જુદા જુદા બે વાહનો મારફતે છ જેટલા સ્ટાફની ટુકડી દ્વારા શહેરમાં ખસીકરણ ઝુંબેશ શરૂ કરાઇ છે, અને ગઈકાલ સુધીમાં ૯૧૬ કુતરાઓને પકડીને રણજીત સાગર રોડ પર સ્પેશિયલ દવાખાનું બનાવાયું છે, ત્યાં રસીકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.જ્યાં અંદાજે ૧૭૫ જેટલા પાંજરા બનાવ્યા છે, જેમાં શહેરમાંથી.પકડેલા કુતરાઓને લાવીને તેમાં રાખવામાં આવે છે, અને તેઓને જરૂરી દવા આપી પાંચ દિવસની પ્રક્રિયા ચલાવવામાં આવે છે, ત્યારબાદ શ્વાનને ફરીથી જે સ્થળેથી ઉપાડેલા હોય, તે સ્થળે મૂકવાની કાર્યવાહી પણ ચાલી રહી છે. આંપણ શહેરમાંથી કુતરા ને પકડી લઈ ખસીકરણની પ્રક્રિયા અવીરત ચાલુ રખાઇ છે.

# જામનગરના બે એકમોમાંથી રૂ.૧૪.૧૨ કરોડની જીએસટી ચોરી ઝડપાઈ

## બોગસ બિલિંગ સંદર્ભે સ્ટેટ જીએસટી વિભાગની મોટી કાર્યવાહી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બે એકમોએ બોગસ બિલો આધારિત રૂ. ૭૮.૫૦ કરોડની ખરીદીઓ દર્શાવી રૂ. ૧૪.૧૨ કરોડની વેરાશાખની ચોરી કરતા બે પેઢીના માલિકોની ધરપકડ.સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા બોગસ બિલિંગ થકી થતી કરચોરીના કેસો શોધી કાઢી તે પરત્વે અન્વેષણાત્મક કાર્યવાહીની ઝુંબેશ હાલમાં ચાલી રહેલ છે. ગુજરાત રાજ્ય તથા ગુજરાત રાજ્ય બહારની બોગસ પેઢીઓ પાસેથી ખોટી વેરાશાખ મેળવી ભરવાપાત્ર વેરાની રકમ સામે વેરાશાખ મજરે મેળવી ખુબ ઓછો વેરો સરકારી તિજોરીમાં જમા કરાવી સરકારને મોટી રકમનું નાણાકીય નુકશાન પહોંચાડવામાં આવે છે. વિભાગ દ્વારા ઉંડાણપૂર્વકના સંશોધન અને વિગતોના આધારે તપાસો હાથ ધરી ઘણી પેઢીઓ શોધી કાઢવામાં આવેલ છે. આવી પેઢીઓ ઓપરેટ કરતાં ઓપરેટરોને શોધી તેઓની સામે ધરપકડ સહિતની કડક હાથે કાર્યવાહી કરવામાં આવી છે.




તાજેતરમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા બોગસ બિલિંગના માધ્યમથી ખોટી વેરાશાખનો દાવો કરતાં હોય તેવા જામનગર ખાતેના બ્રાસની કોમોડિટી સાથે સંકળાયેલા બે એકમો પર સર્ચ અને સિઝરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ એકમો દ્વારા બોગસ પેઢીઓ પાસેથી ખરીદીઓ દર્શાવી ખોટી વેરાશાખ મેળવી ભરવાપાત્ર વેરા સામે વેરાશાખ મજરે મેળવી ખુબ ઓછો વેરો સરકારી તિજોરીમાં જમા કરાવી સરકારની આવકને મોટા પ્રામાણમાં નાણાકીય નુકશાન પહોંચાડવામાં આવ્યું છે. આ બે એકમો દ્વારા બોગસ બિલો આધારિત રૂ. ૭૮.૫૦ કરોડની ખરીદીઓ દર્શાવી રૂ. ૧૪.૧૨ કરોડની ન મળવાપાત્ર હોય તેવી વેરાશાખ ભોગવેલ છે.

ખોટી વેરાશાખ ભોગવવી એ જીએસટી કાયદાની કલમ-૧૩૨(૧)(સી) હેઠળ ગુનો બનતો હોય વિભાગ દ્વારા બે કેસોમાં આ પેઢીઓના માલિકોની સ્પષ્ટ સંડોવણી જણાતા શ્રી લીબર્ટ્રી પ્રોડક્ટ્સ પ્લોટ નં.૪૬૪/૨૯ જીઆઈડીસી, શંકર ટેકરી, જામનગરના માલિક સ્મિત દિપેન શાહની ધરપકડ.કરવામાં આવેલ. વોલ્ટ મેટલ ઈન્ડસ્ટ્રીઝ પ્લોટ નં.૪૬૪/૨૯/૩૦/૩૧ જીઆઈડીસી, શંકર ટેકરી, જામનગરના માલિક દિપેન ચંપકલાલ શાહ સ્થળ તપાસ દરમિયાન મળી આવેલ નહિ જેથી તેમની ખાનગી રાહે રેકી કરવામાં આવેલ અને બાતમીના આધારે.તેઓની જામનગર ખાતેથી ધરપકડ કરવામાં આવી છે.આ બન્ને સખ્શો નામ. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં જામનગર ખાતે રજુ કરવામાં આવેલ જે અન્વયે આરોપી સ્મિત દિપેન શાહના નામ. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટે બે દિવસના રીમાન્ડ મંજુર કરેલ હતા. તેમજ.આરોપી દિપેન ચંપકલાલ શાહને જામનગર કોર્ટમાં રજુ કરવામાં આવેલ, ગુન્હાની વધુ તપાસ સબબ રીમાન્ડ મેળવવાની કાર્યવાહી કરતાં. સુધીના નામ. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટે રીમાન્ડ મંજુર કર્યા છે.આમ, બોગસ બિલ મેળવી સરકારી તિજોરીને નુકશાન પહોંચાડનારા ઇસમો સામે વિભાગ કડક હાથે કાર્યવાહી કરવા કટિબધ્ધ છે.

# જસદણ વિછીયામાં તા.૧૬ના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રૂ ૩૩૭ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમૂર્હૂત

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણ વિછીયા ના લોક પ્રહરી ધારાસભ્ય અને રાજ્ય સરકારના પાણી પુરવઠા અને જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જાગૃત અને માનદ પત્રકાર નરેશ ચોહલીયા રૂબરૂ વાતચીતમા જણાવ્યું હતું કે જસદણ વિછીયા તાલુકા અને પંથકમાં રૂપિયા ૩૩૭ કરોડના વિકાસ કાર્યોનું ભૂમિ પૂજન અને લોકાર્પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવશે જેમાં નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સૌની યોજના લિંક ચાર પેકેજ ૯ મા ચોટીલા તથા વિછીયાના ધારૈઈ ડેમ જસદણ ના બાખલવડ ગામે આલણ સાગર ડેમ આધ્યા ડેમ ફીડર પાઇપલાઇનનું



ખાતમુરત તથા પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના ભાડલા અને જૂથ સુધારણા યોજનાનું ખાતમુરત તેમજ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ આટકોટ મુકામે બસ સ્ટેશન નું લોકાર્પણ તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઘેલા સોમનાથ ખાતે ઘેલો નદી પર મેજર બ્રિજ ઘેલા સોમનાથ ઘેલો નદી પરનું લોકાર્પણ તથા જળ સંપત્તિ ન્યાય અને અધિકારીતા વિભાગ ગુજરાત દ્વારા દિવ્યાંગ સાધન સહાય વિતરણ તેમજ શ્રમ અને કૌશલ્ય વિભાગ અને રોજગાર વિભાગના વિછીયા મુકામે આઇ ટી આઇ બિલ્ડીંગ નું લોકાર્પણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે તારીખ ૧૬ ના સવારે ૧૦:૦૦ કલાકે વિછીયા માર્કેટિંગ યાર્ડ સામેના ગ્રાઉન્ડમાં સમગ્ર કાર્યક્રમનું ભૂમિ પૂજન લોકાર્પણ જેવા કાર્યક્રમ યોજાશે તેમ માહિતી આપતા માનદ પત્રકાર નરેશભાઈ ચોહલીયાને જસદણ વિછીયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ લોકસભાના સાંસદશ્રીઓ રાજ્યસભાના સાંસદશ્રીઓ ધારાસભ્ય શ્રીઓ તેમજ જસદણ વિછીયા આટકોટ સાણથલી ભાડલા તથા ચોટીલા પંથકમાંથી મોટી સંખ્યામાં આગેવાનો કાર્યકરો હોદ્દેદારો ઉપસ્થિત રહે છે.


ઉલ્લેખનીય છે કે જસદણ વિછીયા માં જાણે કે વિકાસનો પટારો ખૂલ્યો છે પછાત ગણાતા બન્ને તાલુકા વિસ્તારમાં અબજો રૂપિયાના વિકાસના કાર્યો ના લોકાર્પણ અને ભૂમિ પૂજન એ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા ની દેન છે અત્યાર સુધીમાં આટલા કામ કોઈ નેતા લાવી શક્યા નથી જેથી જસદણ વિછીયા પંથકની પ્રજા ઉપરાંત બાબરા ચોટીલા પંથકના ગામોના લોકો દ્વારા પણ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા નો લાખ લાખ અભિનંદન સાથે કોટી કોટી આભાર પ્રગટ કરવામાં આવ્યો છે.

# મોરબીમાં બાઈક ઉપર જોખમી સ્ટંટ કરવા ભારે પડ્યા, જીલ્લા ટ્રાફિક પોલીસે પંજાબી યુવકને કરાવ્યું કાયદાનું ભાન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-રાજકોટ હાઇવે રોડ ઉપર પંજાબી યુવક બાઈક પુરઝડપે સર્પાકાર ચલાવી જોખમી સ્ટંટ કરતો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો હતો. જે વીડિયો મોરબી જીલ્લા ટ્રાફિક પોલીસને ધ્યાને આવતા બાઈક ઉપર જોખમી સ્ટંટ કરતા મૂળ પંજાબના યુવકને ઝડપી લઇ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરાવી કાયદાનું ભાન કરાવ્યું હતું.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સુચના મુજબ મોરબી



જીલ્લામાં ટ્રાફિક નિયમોનુ ચુસ્તપણે પાલન

થાય અને ટ્રાફિક નિયમોનુ ઉલ્લંઘન કરતા વાહન ચાલકો વિરૂધ્ધ કડક કાર્યવાહી હાથ ધરવા જણાવેલ હોય જે અન્વયે મોરબી ટ્રાફીક શાખાના પીઆઈ કે.એમ.છાસીયાની સુચના મુજબ પીએસઆઈ ડી.બી.ઠક્કર તથા ટીમ ટ્રાફિક નિયમનની કામગીરીમાં કાર્યરત હતા જે દરમ્યાન સોશ્યલ મીડીયા પેઇઝ ઉપર એક મો.સા. રજી.જીજે-૩૬-એડી-૨૭૦૩ ઉપર સ્ટંટ કરતો વાઇરલ થયેલ વિડિયો બાબતે તાત્કાલીક કાર્યવાહી કરવા જણાવતા. તાત્કાલિક ઉપરોક્ત રજી.નંબરવાળા વાહનની e.GujCop માં સર્ચ કરી ડીટેઇલ મેળવી, મોટર સાયકલને શોધી લઇ આરોપી હરપ્રિતસીંગ મેજરસીંગ જાટ ઉવ.૩૩ હાલ રહે.લજાઈ ગામ એટોપ કારખાના સામે બ્રિજ કાર્બેટ ફ્રેન્ચફ્રાય કારખાનાની ઓરડી તા.ટંકારા જી.મોરબી મુળ રહે.ગામ-મનોચાહલ તા.જી. તર્ણતરણ, પંજાબની પુછપરછ કરતા પોતે ગુન્હાની કબુલાત આપતા મોરબી સીટી એ ડીવી પો.સ્ટે. ખાતે ગુનો રજીસ્ટર કરાવી કાયદાનુ ભાન કરાવેલ હતું.

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા આઈ.ટી.આઈ.ના સંયુક્ત ઉપક્રમે અવેરનેસ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખાતે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી જામનગર શાખા તથા આઈ.ટી.આઈ ના સંયુક્ત ઉપક્રમે સી.પી.આર ટ્રેઈનિંગ, થેલેસીમિયા તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે અવેર્નેશ કાર્યક્રમ યોજાયો. ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ના નીતિનભાઈ પરમાર સાહેબ દ્વારા આઈ.ટી.આઈ માં અભિયાસ કરતા વિધાર્થીઓને સી.પી.આર ટ્રેઇનિંગ આપવામાં આવેલ, આઈ.આર.સી.એસ થેલેસેમિયા પૂર્વ ચેરમેન નિરંજનાબેન વિઠલાણી દ્વારા થેલેસેમિયા વિષે માર્ગદર્શન આપી, લગ્ન પૂર્વ તેનું અચૂક પરીક્ષણ કરાવવા જણાવવાંમાં આવેલ, જામનગર ભૌગલિક રીતે સીસ્મિક ઝોન ૪ એન્ડ





કચ્છ ૫ માં આવતું હોય, ભૂકંપ ની દ્રષ્ટિએ, વાવાજોડા ની દ્રષ્ટિ એ સંવેદનશીલ હોય, કુદરતી આપદા સમયે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ની એક ટિમ તૈયાર કરવા, તાલીમ માં જોડાવા ભાર્ગવ ઠાકર, ચેરમેન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી, આઈ.આર.સી.એસ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. આગામી સમયમાં આઈ.ટી.આઈ જામનગરના થેલેસીમિયા ચેકઅપ કેમ્પ નું આયોજન તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી દારા આપદા સમયની ટ્રેઈનિંગ આપવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. બિપીનભાઈ ઝવેરી, ચેરમેન ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી જામનગર, વાઇસ ચેરમેન તથા ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી ચેરમેન, ડો. અવિનાશભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ.

# જામનગરના ગ્રામ્ય પંથકમાંથી મળી ૨૪ લાખની વીજચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની પીજીવીસીએલ કચેરી દ્વારા શરૂ કરવામાં આવેલા વીજ ચેકીંગમાં જામનગર તાલુકા તેમજ લાલપુર અને જામજોધપુર પંથકમાંથી રૂા.૨૪ લાખ ૧૩ હજારની વીજચોરી પકડી પાડવામાં આવી છે.

જામનગરની સ્થાનિક પીજીવીસીએલ કચેરી દ્વારા ત્રણ સપ્તાહ પછી વધુ એક વખત વીજ ચેકીંગ શરૂ કરવામાં આવ્યું છે. સ્થાનિક અધિકારીઓના વડપણ હેઠળની ૪૧ ટૂકડીઓએ ગઈકાલે જામનગર તથા લાલપુર અને જામજોધપુર



તાલુકામાં વીજચોરી પકડી પાડવા ચકાસણી કરી હતી.

જામનગર તાલુકાના દડીયા, મોખાણા, લાવડીયા, કનસુમરા, મસીતીયા, ઢંઢા ગામમાં તેમજ જામજોધપુર તાલુકાના બાલવા, ચુર, વસંતપુર, ઈશ્વરીયા, વેરાવળ ગામ ઉપરાંત લાલપુર તાલુકાના મેમાણા, ગજણા, મુળીલા ગામમાં વીજ ચેકીંગ કરાયું હતું.આ ટૂકડીઓએ કુલ ૪૨૧ વીજજોડાણ ચેક કર્યા હતા. તેમાંથી ૮૫ જોડાણમાં ગેરરીતિ મળી આવતા તેના ધારકોને રૂા.૨૪ લાખ ૧૩ હજારના પુરવણી બીલ ફટકારવામાં આવ્યા છે.

## ધોરાજીના પત્રકાર અર્જુન સોલંકીનો આજે જન્મ દિવસ

ધોરાજીના યુવા પત્રકાર સેવાભાવી અર્જુનસોલંકીનો જન્મદિવસ હરેક સમાજના ભાઈઓ તથા પત્રકાર મિત્ર અને દરેક અધિકારીઓ અને આગેવાનોએ જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી પ્રીન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મિડીયા મા ઘણા સમય થી સક્રિય છે.



# ઓખામાં આઠ ફેરી બોટના લાયસન્સ સસ્પેન્ડ કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

ઓખામાં આઠ ફેરી બોટના લાયસન્સ સસ્પેન્ડ કરાયા.ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ઓખાથી બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરીબોટમાં નિયમોની અમલવારી કરવા




માટે સમયાંતરે ચેકિંગ તેમજ કડક કામગીરી કરવામાં આવે છે . ત્યારે જી.એમ.બી. જારી કરવામાં આવેલા એક પત્રમાં ઓખાથી બેટ દ્વારકા વચ્ચે દરિયાઈ માર્ગ પર ચાલતી જુદી - જુદી આઠ ફેરી બોટના ભરવાના શરત ભંગના કારણોસર એક સપ્તાહ માટે સસ્પેન્ડ કરતો હુકમ કરવામાં આવ્યો છે.જાણવા મળતી વિગત મુજબ યાત્રિક સાથે ગેરવર્તન કરવા , મુસાફરોને લાઈફ જેકેટ ન પહેરાવવા , અન્ય જગ્યાએ મુસાફરને ઉતારવા , વારા પ્રમાણે બોટ ન ચલાવવા , સહિતના જુદા - જુદા કારણસર ચાંદ તારો , શેરે કિરમાની , શહેનશાહ કિરમાની , ભાગ્યલક્ષ્મી , અલ મદીના , રમજાન , ઝીલ અને જય મહાકાલ નામની આઠ ફેરી બોટના તારીખ ૧૪ થી ૨૧ ફેબ્રુઆરી સુધી પરવાના મોકૂફ રાખવા તેમજ શરતોના ભંગ બદલ રૂ . ૫૦૦ નો દંડ કરતો ગુજરાત મેરીટાઇમ બોર્ડના બંદર અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે .

# કાલાવડ તાલુકાના ભગત ખીજડીયા ગામમાં શ્રમિક યુવાનનું અકસ્માતે કુવામાં પડી જતાં કરૂણ મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ભગત ખીજડીયા ગામમાં રહીને ખેત મજૂરી કામ કરતા મૂળ મધ્ય પ્રદેશના વતની પરપ્રાંતિય શ્રમિક યુવાનનું અકસ્માતે કુવામાં પડી જતાં ડૂબી જવાથી કરૂણ મૃત્યુ નીપજયું છે.આ બનાવની વિગત એવી છે કાલાવડ તાલુકાના ભગત ખીજડીયા ગામમાં રહેતા ગોગનભાઈ રવજીભાઈ ગાજીપરા ની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા મૂળ મધ્યપ્રદેશના વતની જીતેન્દ્ર કેશીયાભાઈ નામના ૨૧ વર્ષના આદિવાસી શ્રમિક યુવાનનો અકસ્માતે પગ લપસી જતાં અંદર પડી જવાથી ડૂબી જતાં કરૂણ મૃત્યુ નીપજયું છે.મૃતકના ભાઈ મહેશભાઈ કેશીયાભાઈ બિલોરીએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે મૃતદેહ નો કબ્જો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.



# મોરબીમાં ઘુંટુ નજીક અજાણ્યા પુરુષની લાશ મળતા વાલી વારસની શોધખોળ

## સ્કવેર સીરામીકમાં આવેલ કુવામાંથી મળેલ અજાણ્યા પુરૂષની લાશની ઓળખ અંગે જાણકારી મળે તો તાલુકા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ મથકની યાદીમાં જણાવ્યા અનુસાર મરણ જનાર એક અજાણ્યો પુરૂષ ઉમર વર્ષ આશરે ૩૦ થી ૩૫ વર્ષ તા-૦૯/૦૨/૨૦૨૪ ના બપોરના ૧૨:૨૫ વાગ્યે મોરબી તાલુકાના ઘુંટું ગામની સીમમાં આવેલ સ્કવેર સિરામીક કારખાનામાં કુવાના પાણીમાંથી કોહવાયેલી લાશ તરતી મળી આવેલ હતી. જે મરણ જનારની લાશનું પોસ્ટ મોર્ટમ રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે કરવામાં આવેલ હતું.

અજાણ્યો પુરૂષની લાશની વિગત મુજબ તેની ઉવ-આશરે ૩૦ થી ૩૫ વર્ષ છે. તથા તેના જમણા હાથના કાંડામાં ધાતુનુ કડુ તેમજ લાલ દોરો બાંધેલ છે તેમજ ડાબા પગમા કાળો દોરો બાંધેલ છે અને કાળા કલરનુ પેન્ટ પહેરલ છે. મરણજનારની લાશનુ પોસ્ટ મોર્ટમ કરીને ઓળખ માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે કોલ્ડસ્ટોરેજમાં રાખવામાં આવેલ છે. આ અંગે કોઈને જાણકારી મળે તો મોરબી તાલુકા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા પોલીસ હેડ કોન્સ્ટેબલ જે.એમ. જાડેજાની યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં આરામ કોલોની વિસ્તારમાં રહેતી વિપ્ર પરિણીતાને દહેજ ભૂખ્યા સાસરીયાઓનો ત્રાસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર માં આરામ કોલોની વિસ્તારમાં રહેતી એક વિપ્ર પરણીતાએ દહેજ ભૂખ્યા સાસરીયાઓ સામે પોતાને ત્રાસ ગુજારી માવતરેથી દહેજ માં રૂપિયા લઇ આવવાની માંગણી સાથે ત્રાસ આપવા અંગે પોતાના શ્વસૂર પક્ષના સાત સભ્યો સામે ફરિયાદ નોંધાવી છે. જે મામલે મહિલા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયો છે.જામનગરમાં ખોડીયાર કોલોની નજીક ન્યુ આરામ કોલોની વિસ્તારમાં રહેતી વૈભવીબેન હેમિનભાઈ ભટ્ટ નામની ૨૯ વર્ષની જામનગરના મહિલા પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, અને પોતાના દહેજ ભૂખ્યા સાસરિયાઓ સામે મારકુટ કરી ત્રાસ ગુજારી માવતરે થી દહેજ માં રૂપિયા લઈ આવવાની માંગણી સાથે હાંકી કાઢ્યા ની ફરિયાદ નોંધાવી હતી.જે ફરિયાદના અનુસંધાને મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફે વૈભવીબેન ની ફરિયાદના આધારે તેણીના પતિ હેમીન વિમલેશકુમાર ભટ્ટ, સસરા વિમલેશકુમાર રજનીકાંત ભટ્ટ, સાસુ ફાલ્ગુનીબેન વિમલેશકુમાર ભટ્ટ, દાદાજી સસરા રજનીકાંત એમ ભટ્ટ, દાદીજી સાસ લીલાવતીબેન રજનીકાંતભાઈ ભટ્ટ, ફુવાજી સસરા પ્રણવ કુમાર પાઠક, અને ફઈજી સાસુ કેતકી બેન પ્રણવ કુમાર પાઠક સામે સ્ત્રી અત્યાચાર ધારા, તેમજ દહેજ પ્રતિબંધક ધારા હેઠળની જુદી જુદી કલમો હેઠળ નોંધ્યો છે, અને તપાસનો દોર આગળ ધપાવ્યો છે.

# મોરબી જીલ્લા પંચાયતનો ૬૮૬.૯૮ લાખનું બજેટ રજુ કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પંચાયતમાં વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. ગયા વર્ષના બજેટની તુલનાએ જીલ્લા પંચાયતના વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ના સ્વભંડોળના બજેટમાં ૪.૩૧ કરોડના વધારા સાથે ૨૧.૬૮ કરોડનું બજેટ રજૂ થયું હતું જેમાં બાંધકામ, શિક્ષણ, સિંચાઈ સાથે કુદરતી આફતો સામે લડવા મહત્વપૂર્ણ મોટી રકમની જોગવાઈ કરવામાં આવી છે.

મોરબી જીલ્લા પંચાયત વહીવટી તંત્ર દ્વારા બજેટ બેઠક બોલાવી જેમાં વર્ષ ૨૦૨૪-૨૫નું વાર્ષિક બજેટ રજુ કરવામાં આવ્યું આવ્યું હતું. જેમાં સ્વભંડોળની ૨૧.૬૮ કરોડની આવક સામે ૧૧૧ લાખની પુરાંત સાથે ૨૦.૫૭ કરોડથી વધુના ખર્ચના અંદાજ સાથે સરકારી પ્રવૃત્તિમાં લોન, પેશગી સહિત ભાગ-૨ માં ૬૩,૫૮૭ લાખની આવક અને ૬૬,૧૨૯ લાખના ખર્ચના અંદાજ સાથે મોરબી જીલ્લા પંચાયતનુ બેજટ રજુ કરાયું હતું.

મોરબી જીલ્લા પંચાયતના વર્ષ ૨૦૨૪-૨૫ના સ્વભંડોળના બજેટમાં પગાર વેતન સહિતના ખર્ચ માટે ૧૬૨.૭૦ લાખ રૂપિયા, પંચાયત અને વિકાસ માટે ૧૦૧૮.૩૫ લાખ, શિક્ષણ માટે ૧૪૧.૩૮ લાખ, આયુર્વેદ માટે રૂપિયા ૫.૧૦ લાખ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે ૧૨ લાખ રૂપિયા, આંગણવાડી સહિતના બાળ કલ્યાણ માટે ૧૫ લાખ, ખેતીવાડી માટે ૧૫.૨૦ લાખ, પશુપાલન માટે ૫.૦૫ લાખ, સમાજ કલ્યાણ માટે ૯૫ લાખ, કુદરતી આફતો માટે ૧૦૨ લાખ, સિંચાઈ માટે ૫૨.૫૧ લાખ, જાહેર બાંધકામો માટે ૩૬૬.૫૨ લાખની જોગવાઈ ધરાવતું બજેટ રજુ કરાયું હતું.

# આજે વેલેન્ટાઈન ડેઃ યુવા હૈયામાં અનેરો થનગનાટ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે ૧૪ ફેબ્રુઆરી એટલે કે, યુવા હૈયાઓ માટે પરસ્પર પોતાની લાગણીને અભિવ્યક્ત કરવાનો દિવસ જેને વેલેન્ટાઈન ડે તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. વેલેન્ટાઈન ડેનું મહત્વ પશ્ચિમના દેશો સાથે ભારતમાં પણ વધ્યું છે. ખાસ કરીને યુવા હૈયાઓ આ દિવસે પોતાની લાગણી પોતાના પ્રેમી સાથે વ્યક્ત કરે છે. રાજકોટમાં પણ આ દિવસનું ખાસ મહત્વ છે. ગુલાબના ફૂલની સુગંધની જેમ યુવાઓ હંમેશા પરસ્પર સુગંધીત રહે તે માટે પરસ્પર એકબીજાને ફૂલ આપે છે. એક અહેવાલ મુજબ આજે જ એક જ દિવસમાં ૪૦ કરોડ ગુલાબના ફૂલોનો વ્યપાર થાય છે.

## આજે વસંત પંચમીનો પવિત્ર દિવસઃશાળામાં માઁ સરસ્વતીનું પુજન કરાયું



આપણા શાસ્ત્રમાં કહેવાયું છે કે વસંતપંચમી અને અખાત્રીજ વણજોયા મૂહર્ત છે. વસંતપંચમીનો દિવસ એટલે વસંતના વધામણા, વસંત્તી વાયરાનું સંમોહન દરેકને સ્પર્શી રહ્યું છે. વસંત વૈભવી ઋતુ છે. આજના દિવસે માં સરસ્વતીનું શાળા–કોલેજોમાં ખાસ પુજા અર્ચન કરવામાં આવે છે. શહેરની મહાત્માં ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સદગુરૂ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ તેમજ શાળાના શિક્ષક ભાઈબહેનો દવારા માં સરસ્વતીની વિશેષ ઉપાસના કરાઈ હતી. આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## પોતાની માંગણીને લઈ ખેડૂતોએ આપ્યું કલેક્ટરને આવેદન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ખેડૂતો દ્વારા પોતાની જુદી જુદી માંગણીને લઈ આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સપ્રત કરાયું હતું કોંગ્રેસ પ્રેરિત ખેડૂત આગેવાનો દવારા રાજ્ય સરકારને પોતાની વાત પહોંચાડવા આજે વિવિધ માંગોમાં લઈ રજૂઆત કરાઈ હતી. જે માંગની રજૂઆત કરાઈ હતી તેમાં ખેડૂતોને ખેત પેદાશોના પૂરતા ભાવ મળવા જોઈએ, ઉદ્યોગપતીઓને લોન માફીતો ખેડૂતોને કેમ નહીં, ઉદ્યોગોને દિવસે વીજળી અપાઈ છે. જ્યારે ખેડૂતો રાત્રીના અપાઈ છે. જે દિવસે આપવી જોઈએ, ખેડૂતોને અન્યાય બંધ થવા જોઈએ વધુમાં ક્સિાનોએ દિલ્હી ખાતે આંદોલન કરી રહેલા ખેડૂતોને પોતાનું ટેકો જાહેર ર્ક્યો હતો.

## બજરંગદાસબાપાના અનન્ય સેવક અને ટ્રસ્ટી મનજીદાદાનું નિધનઃ કાલે અંતિમયાત્રા



બાપા સિતારામ પરમ સદ્દગુરૂદેવ બજરંગદાસ બાપાના અનન્ય સેવક, મનજીદાદા (મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, ગુરૂ આશ્રમ, બગદાણા) કાછડીયા આજરોજ તા ૧૪ના પરમશકિત પરમાત્મામાં વિલીન થઈ ગુરુચરણ પામેલ છે. લાખો ભાવિકોમાં ઘેરા શોકની લાગણી ફેલાઇ છે. મનજીદાદાના પાર્થિવ દેહના અંતિમ દર્શન બગદાણા મુકામે આજે ૧૪ના સાંજે ૪થી તા. ૧૫ના બપોરે ૩ સુધી રાખેલ. જેમની અંતિમ યાત્રા તારીખ ૧૫ના રોજ બપોરે ૩ કલાકે નીકળશે.

## આજી ડેમ પાસે રામપાર્કમાં યુવતીનો ઝેરી દવા પી આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના આજીડેમ ચોકડી પાસે આવેલા શ્રી રામપાર્કમાં રહેતી કાજલ ભૂપતભાઈ સોલંકી (ઉ વ ૨૨) નામની યુવતીએ ઘરે હતી ત્યારે ઝેરી દવા પી લેતા તેને તાકિદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.પરંતુ ટૂંકી સારવારમાં મોત નિપજયું હતું. બનવાની જાણ થતાં આજીડેમ પોલીસનો સ્ટાફ હોસ્પિટલએ પોંહચી જરૂર કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, યુવતી કારખાનામાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતી હતી.તેના પિતાનું ૧૩ વર્ષ પહેલા અવસાન થયું હતું. થોડાક સમયથી તેના લગ્નની વાતુ બાહર પાડતા તેના બે નાના ભાઈઓનું શું થાશેતેઉપાધિમાં પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું. જુવાન દિકરીના મોતથી પરિવારમાં અરેરી મચી જવા પામી હતી.

## માર્કેટ યાર્ડ પાસે અજાણ્યા વાહનની ઠોકરે મુળી પંથકના વૃધ્ધનું કરૂણ મોત

### રાજકોટમાં સંબંધીને મળવા આવેલાં વૃધ્ધને કાળ આંબી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુળી તાલુકાના નલધરી ગામે રહેતા વૃદ્ધ રાજકોટમાં રહેતા સંબંધીને મળવા માટે આવ્યા હતા ત્યારે માર્કેટિંગ યાર્ડ પાસે અજાણ્યા વાહન ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

આ અંગેની માહિતી મુજબ મૂળી તાલુકાના નલધરી ગામે રહેતા મનજીભાઈ વજાભાઈ ગેલડીયા નામના ૬૦ વર્ષના વૃદ્ધ ગઈકાલે બપોરના દોઢેક વાગ્યાના અરસામાં માર્કેટિંગ યાર્ડ નજીક પુલના છેડે હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધને ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં વૃદ્ધની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ વૃદ્ધનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી વૃદ્ધના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. અને વૃદ્ધની ઓળખ મેળવી નલધરી ગામે રહેતા તેમના પરિવારને વૃદ્ધના મોત અંગે જાણ કરી હતી જાણ થતા જ પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી અને પરિવાર રાજકોટ આવવા માટે રવાના થયો હતો. પ્રાથમિક પૂછ પરછમાં મૃતક મનજીભાઈ ગેલડીયા રાજકોટ રહેતા સંબંધીને મળવા આવ્યા હતા ત્યારે જ જીવલેણ અકસ્માતમાં મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી જીવલેણ અકસ્માત સર્જી નાસી છુટેલા અજાણ્યા વાહન ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

## રાજકોટ પોલીસ ભાજપની ઢોલકી બનવાને બદલે પ્રજાલક્ષી કામગીરી કરે તો સારું : ઇન્દ્રનીલ રાજગુરુ

### પોલીસ તંત્રએ પોતાની કામગીરીના ગુણગાન ગાયા પરંતુ ગુનાખોરીને કાબુમાં લેવાની યોજના જાહેર ન કરી : સરકારી તંત્રમાં થતા અન્યાય સામે કોંગ્રેસ હેલ્પલાઈન નંબર જાહેર કરશે અને અવાજ ઉઠાવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનું પોલીસ તંત્ર ગુનાખોરીને ડામવામાં સદંતર નિષ્ફળ ગયું છે અને ભાજપના ઈશારે નાચે છે તેવા આક્ષેપ સાથે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને જાગૃત નેતા ઇન્દ્રનીલ રાજગુરુએ પુરાવા સાથે જે હકીકતો રજૂ કરી હતી તે સ્વીકારવાને બદલે પોલીસ તંત્રએ પોતાની કામગીરીની ચોખવટ મીડિયા સમક્ષ કરી છે. આ સંદર્ભે ઇન્દ્રનીલ રાજગુરુએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, કોંગ્રેસે પ્રજાનો અવાજ રજૂ કર્યો અને પોલીસે તેનો જવાબ આપવાની ફરજ પડી એ લોકશાહીની મોટી તાકાત અને કોંગ્રેસની જીત છે. તેમણે



કહ્યું છે કે, લોકોના પ્રશ્નોને વાચા આપવાની ફરજ કોંગ્રેસ કાયમી ધોરણે બજાવશે અને ટૂંક સમયમાં સરકારી તંત્રથી પીડિત લોકો માટે એક હેલ્પલાઈન નંબર પણ જાહેર કરશે.

પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજગુરુએ કહ્યું છે કે, પોલીસે પોતે કરેલી કામગીરીની વિગતો મીડિયાને આપી છે જે તેમની નિષ્ફળતા જ દર્શાવે છે. પોલીસનું કામ ગુના રોકવાનું છે અને તેમાં તે તદ્દન નિષ્ફળ ગઈ છે. રાજકોટમાં હજુ નશીલા પદાર્થો ખુલ્લેઆમ મળે છે સાથોસાથ દારુ પણ જોઈએ તેટલો મળે છે. પોલીસે ઈકોનોમી સેલ તરફ ધ્યાન આપવાની તાતી જરૂર છે કારણ કે લોકો સાયબર ક્રાઈમના શિકાર બને છે અને પોતાના નાણા ગુમાવે છે. આવા લોકોને ન્યાય આપવાની પહેલી ફરજ પોલીસ ખાતાની છે. તેમણે ઉમેર્યું છે કે, કોંગ્રેસે એવો આક્ષેપ પુરાવા સાથે કર્યો હતો કે પોલીસ અરજદારોને રઝળાવે છે. પોલીસ અધિકારીઓએ આ દિશામાં કોઈ નક્કર જવાબ આપ્યો નથી. જો પોલીસે આવા લોકોને શોધીને લાવવાનો પડકાર ફેંક્યો હોત તો પ્રજાના એક સેવક તરીકે આનંદ થાત. પણ ;પોલીસ ફરજ ચુકી છે.

રાજકોટમાં જે આઈ.પી. એસ. અધિકારીઓ છે તે પોતાની ફરજ યોગ્ય રીતે બજાવે અને પ્રજાને ન્યાય મળે તેવા પગલાં લ્યે તો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કાબુમાં જ રહે..પણ વાસ્તવમાં આવું થતું નથી અને અસામાજિક તત્વો બેફામ બની રહ્યા છે તેમ જણાવતા ઇન્દ્રનીલ રાજગુરુએ કહ્યું છે કે, માત્ર પોલીસ તંત્ર જ નહી પણ કોંગ્રેસ કલેકટર તંત્ર અને મહાપાલિકા તંત્રના પ્રશ્નો પણ ઉઠાવશે અને આ માટે એક હેલ્પલાઈન નંબર જાહેર કરશે. કોઈ પણ સનદી અધિકારીએ ભાજપની ઢોલકી બજાવવાનું બંધ કરવું જોઈએ અને પ્રજાને વફાદાર રહેવું જોઈએ તેમ જણાવતા ઇન્દ્રનીલ રાજગુરુએ ઉમેર્યું છે કે, મને કોઈ સસ્તી પ્રસિદ્ધિ નો મોહ નથી. મેં જે વાત કરી છે તે પ્રજાના હિતની વાત કરી છે. આટલી ટકોર પછી હવે પોલીસ કમિશનર ભાજપના હિસાબે નહી પણ પ્રજા માટે કામ કરશે તેવી અપેક્ષા રાખી રહ્યો છું.

## લેન્ડ ગ્રેબીંગની બેઠક યોજાઈઃ ૧૦૦ કેસમાંથી બે એફઆઈઆર, સાત કેસ પેન્ડીંગ, ૨૯માં સમાધાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં લેન્ડ ગ્રેબિંગ કમીટીની બેઠક મળી હતી. તેમાં ૧૦૦ કેસ રજૂ કરવામાં આવતા તેમાંથી માત્ર બે કેસમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ મુજબ પોલીસ ફરિયાદ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જ્યારે બાકીના ૭ કેસ પેન્ડીગ અને ૨૯માં સમાધાન કરી લેવામાં આવ્યું છે.

લાંબા સમયના અંતરે મળેલી કમીટીની બેઠકમાં આ વખતે કોર્ટમાં મેટર ચાલુ હોય છતાં જેના ચૂકાદામાં વિલંબના કારણે ઝડપી ન્યાયની આશાએ ૨૦ જેટલા અરજદારોએ કલેક્ટર સમક્ષ અરજી કરી હતી. આ તમામ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. જ્યારે ૪૦ જેટલા લોકોએ સૌથી વધુ માપણીમાં ભૂલ, રિ–સર્વે, શેઢા તકરાર અને ભાયુભાગની જમીનના વિવાદના કેસ રજૂ કરવામાં આવ્યા હતા. આમ ખરેખર જમીન પચાવી પાડવા માટે બનાવવામાં આવેલ આ કાયદામાં હવે ભાઈ અને પાડોશીના વિવાદના કેસ કલેક્ટર સમક્ષ આવવા લાગ્યા છે.

આજે મળેલી લેન્ડ ગ્રેબિંગ કમીટીની બેઠકમાં જિલ્લામાં બે સ્થળે ખાનગી જમીન પચાવી પાડનાર ભૂ–માફિયા સામે પોલીસ ફરિયાદની મંજૂરી આપવામાં આવતા આગામી દિવસોમાં પોલીસ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવનાર છે.

## દેવનગરમાં પિતાએ કામ બાબતે ઠપકો આપતા પુત્રનો આપઘાતનો પ્રયાસ

### ગંજીવાડામાં પ્રૌઢે નશામાં એસિડ ગટગટાવ્યુંઃ રૂખડિયાપરામાં ગૃહ કલેશથી કંટાળી પરિણીતાએ ફીનાઈલ પીધુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં નાના મવા મેઈન રોડ ઉપર આવેલા દેવનગરમાં રહેતા યુવકને પિતાએ કામ બાબતે ઠપકો આપ્યો હતો. પિતાના ઠપકાથી માઠું લાગી આવતા પુત્રએ ફિનાઈલ પી લીધું હતું. યુવકની તબિયત લથડતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ નાનામવા મેઇન રોડ ઉપર આવેલા દેવનગરમાં રહેતા કૌશિક માધવભાઈ પરમાર નામનો ૧૯ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રિના બારેક વાગ્યાના અરસામાં ફિનાઈલ પી લીધું હતું. યુવાનને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં કૌશિક પરમાર બે ભાઈમાં મોટો અને શોરૂમમાં નોકરી કરી પરિવારને આર્થિક મદદ કરે છે. પિતા માધવભાઈ પરમારે કામ બાબતે ઠપકો આપતા કૌશિક પરમારને લાગી આવતા ફીનાઇલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

## હોસ્પિટલ ચોકમાં એમ્બ્યુલન્સ ભડભડ સળગી ઉઠી

રાજકોટના સિવિલ હોસ્પિટલ ચોકમાં આજે સવારે એકાએક ઉભેલી એમ્બ્યુલન્સમાં આગ લાગતાં ભડભડ સળગી ઉઠી હતી. જો કે ફાયર બ્રિગેડે ત્વરિત પહોંચી સળગી ઉઠેલી એમ્બ્યુલન્સની આગને કાબુમાં લીધી હતી. જાનહાનીની કોઈ ઘટના સામે આવી નથી.




(તસ્વીરઃ આનંદ જાવિયા)

## શીતલપાર્ક પાસે મફતીયાપરામાં માતા–પુત્રી પર પાડોશીનો હુમલો

### શ્રીહરી સોસાયટીમાં બે શખ્સોએ પ્રૌઢને મારમારતા ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર શીતલ પાર્ક નજીક આવેલા મફતીયાપરામાં માતા પુત્રી સાથે નજીવા પ્રશ્ને ઝઘડો કરી પાડોશી દંપતિએ માર માર્યો હતો હુમલામાં ઘવાયેલી માતા પુત્રીને સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર શીતલ પાર્ક ચોકડી નજીક આવેલા મફતીયાપરા વિસ્તારમાં રહેતા મોનાબેન મહેન્દ્રભાઈ ગેલાણી (ઉ.વ.૪૩) અને તેની પુત્રી ફાલ્ગુનીબેન મહેન્દ્રભાઈ ગેલાણી (ઉ.વ.૧૭) પોતાના ઘરે હતા ત્યારે રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં પાડોશમાં રહેતા નરેશ અને તેની પત્ની પાર્વતીબેન ઝઘડો કરી ઈંટ વડે માર માર્યો હતો માતા પુત્રીને ઇજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં મવડી વિસ્તારમાં આવેલી શ્રીહરિ સોસાયટીમાં રહેતા ભરતભાઈ ધનજીભાઈ ડોબરીયા નામના ૫૦ વર્ષના આધેડ રાત્રીના નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હતા ત્યારે મિલન સહિતના શખ્સોએ ઝઘડો કરી ધોકા વડે માર્યો હતો હુમલામાં ઘવાયેલા આધેડને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ગોંડલમાં ગેલેક્સી પેટ્રોલપંપ પાસે આઈસર ટ્રકમાં ૨૬૧ બોટલ દારૂ સાથે ચાલક ઝડપાયો

### રૂરલ એલસીબીની ટીમે રૂ.૬.૨૧ લાખનો મુદામાલ કબજે કરી માણાવદરના બે બુટલેગરોની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ તાલુકા પોલીસમાં હદમાં આવેલ ગેલેક્સી પેટ્રોલપંપ પાસે આઈસર ટ્રકમાં વિદેશી દારૂની ૨૬૧ બોટલ સાથે ચાલકની ધરપકડ કરી રૂ.૬.૨૧ લાખનો મુદામાલ કબજે કરી માણાવદરના બે બુટલેગરોની રૂરલ એલસીબીની ટીમે શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની સૂચનાથી પીએસઆઈ ડી.જી.બડવા, હેડ કોન્સ.દિવ્યેશભાઈ, નિલેશભાઈ, વિરરાજભાઈ સહિતનો સ્ટાફ ગોંડલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ગેલેક્સી પેટ્રોલપંપ પાસે રોડ પર ટાટા ટ્રક નં.જીજે૮ડબલ્યુ૭૭૫ને અટકાવી તલાશી લેતા તેમાંથી ૨૬૧ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે આઈસરના ચાલક જૂનાગઢનો ઈરઝાન ઉર્ફે અનો ઈકબાલ હિગરોજા નામના શખ્સની ધરપકડ કરી આકરી પૂછપરછ કરતા દારૂનો જથ્થો માણાવદરનો ઈબ્રાહીમ નાસીર હિગરોજા અને સાહિલ ઉર્ફે કબ્બોએ મંગાવ્યો હોવાની કબૂલાત આપતા પોલીસે આઈસર સહિત રૂ.૬.૨૧ લાખનો મુદામાલ કબજે કરી માણાવદરના બંને બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

# ખંઢેરી સ્ટેડીયમ ખાતે ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ મેચ દરમ્યાન રૂરલ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ખંઢેરી સ્ટેડીયમ ખાતે ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરીઝનો ત્રીજો ટેસ્ટ મેચ દરમ્યાન રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બદોબસ્ત ગોઠવાયો છે. જેમાં જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ડી.વાય.એસ.પી સહિત ૨૪૨ પોલીસ તેમજ ખાનગી સિક્યુરિટી તૈનાત રહેશે. ગ્રાઉન્ડ ની અદર ખેલાડીઓની સુરક્ષાને ધ્યાને લઈ ઉપર પેક્ષકોને ચેતવણી આપવામા આવી છે. ગ્રાઉન્ડ ની અંદર અન-અધિકૃત રીતે પ્રવેશ કરનાર તેમજ મેચમા કોઈ વિક્ષેપ કે કોઈ ગ્રાઉન્ડની અંદર કોઈપણ પ્રકારનો





પ્રદાર્થ ફેકનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે. કાલથી તારીખ ૧૯/૦૨/૨૦૨૪ સુધી ખંઢેરી સ્ટેડીયમ ખાતે ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરીઝનો ત્રીજો ટેસ્ટ મેચ રમાનાર છે.

જે મેચમા મોટી સંખ્યામા પ્રેક્ષકો મેચ જોવા આવતા હોય મેચ દરમ્યાન કોઈ અનીચ્છનીય બનાવ ના બને તે હેતુથી રાજકોટ રેન્જ આઇજી અશોક કુમાર યાદવ જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડના નીરીક્ષણ હેઠળ બંદોબસ્ત ફાળવવામાં આવ્યો છે. એસ.પી કક્ષાના એક અધિકારી સાથે ડી. વાય.એસ. પી-૩,પી. આઇ.૪, પી.એસ.આઈ ૨૪,પોલીસ કર્મચારી ૮૪ મહીલા ૩૮, ટ્રાફીક ના ૩૩ તથા ટી.આર.બી ના ૨૫ તથા જી.આર.ડી -૩૦ સહીત કુલ ૨૪૨ તેમજ ખાનગી સીક્યુરટી ના માણસો સહીતનો ચુસ્ત બદોબસ્ત ગોઠવવામાં આવેલ છે.આ ઉપરાત રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી તેમજ એસ.ઓ.જી ટીમ તેમજ બી.ડી.ડી.એસ ની ટીમ-૧ સી.સી.ટી.વી સર્વેલન્સ ની ટીમ-૧ દ્વારા બદોબસ્ત માટે તૈનાત રહેશે. તેમજ સ્ટેડીયમમા પ્રવેશવાના ગેઈટ પર ચેકીંગ માટે એચ.એચ.એમ.ડી-૩૫ તેમજ બેગર્સ સ્કેનર-૨ તેમજ ડી.એફ.એમ.ડી-૧૮ નો ઉપયોગ કરવામા આવનાર છે.

# વિશ્વકર્મા સોસાયટીમાં ૧૪૬ બોટલ દારૂ સાથે બે શખ્સો ઝડપાયા

## રામાપીર ચોકડી પાસે દ્વારિકા પ્રાઈડમાં પ્રતિબંધીત સિગારેટના જથ્થા સાથે વેપારીની ધરપકડ







**મુખ્ય સમાચાર રાજકોટ**

ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી વિશ્વકર્મા સોસાયટીમાં વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સો અને એસઓજીની ટીમે રામાપીર ચોકડી પાસે આવેલા દવારીકા પ્રાઈડ બિલ્ડીંગની ઓફિસમાંથી પ્રતિબંધીત સિગારેટના જથ્થા સાથે વેપારીની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એ.એન.પરમાર તથા એએસઆઈ હરદેવસિંહ, કોન્સ્ટેબલ હરપાલસિંહ સહિતનો સ્ટાફ વાવડી ગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ૧૫૦ રીંગ રોડ પર આવેલ વિશ્વકર્મા સોસાયટી મેઈન રોડ પરથી વિદેશી દારૂની ૧૪૬ બોટલ સાથે મહાવીરસિંહ ઉર્ફે માવલો જયુભા વાળા (રહે.પુનિતનગર કર્મચારી સોસાયટી શેરી નં.૧૧)તથા વનરાજ બદરુ વાળા (રહે.ખોડિયારનગર શેર નં.૨/૫)નામના બંને શખ્સોની ધરપકડ કરી રૂ.૪૪૪૬૦નો મુદામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે એક બનાવમાં એસઓજીના ઈન્ચાર્જ પીઆઈ એમ.બી.માજીરાણા એએસઆઈ ડી.બી.ખેર તથા હેડ કોન્સ.ઈન્દુભા સહિતનો સ્ટાફ ૧૫૦ રીંગ રોડ પર પેટ્રોલિંગ હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે દવારીકા પ્રાઈડ ઓફિસ નં.૬૦૧માં દરોડો પાડતા વિદેશી કંપનીની અલગ અલગ પ્રતિબંધીત સિગારેટનો રૂ.૧.૭૮ લાખનો જથ્થો મળી આવતા પોલીસે વેપારી હિતેશ મોતી ભારાણી (રહે.ગુલાબનગર સત્યસાંઈનગર મહાકાલ ચોક જામનગર હાલ ગોકુળ એપાર્ટમેન્ટ ૧૫૦ રીંગ રોડ પાછળ)ની ધરપકડ કરી પ્રતિબંધીત સિગારેટનો જથ્થો કબજે ર્ક્યો છે.

# થાનના વેલાળા ગામે ૨૦૯ બોટલ વિદેશી દારૂનો જથ્થો પોલીસને રેઢો મળ્યો

**મુખ્ય સમાચાર, થાનગઢ**

રાજકોટના થાનગઢ પંથકમાં જીલ્લા એલસીબી ટીમે દરોડો પાડી ગે. કા ઇંગ્લીશ દારૂનો ૨૦૯ બોટલનો મુદ્દામાલ પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

આ અંગેની માહિતી મુજબ સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.ગીરીશ પંડયાની સુચના અન્વયે એલ.સી.બી ઈન્ચાર્જનાં માર્ગદર્શન હેઠળ જીલ્લા વિસ્તારમાં ખાસ પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ તે દરમ્યાન અગાઉથી ચોકકસ બાતમી હકીકત મેળવવામાં આવેલ કે, વિશુ ભરતભાઈ ખાચર જાતે કાઠી દરબાર રહે, વેલાળા (સા) તા.થાનગઢએ વેલાળાથી ચાંન્દ્રોલીયા ગામ તરફ જતા રસ્તા ઉપર પોતાના કબ્જા ભોગવટાના વીડમાં આવેલ બાવળની કાંટ પસે કુવાના ગાળની પાસેથી પાસ પરમીટ વગર પર પ્રાંતીય ભારતીયબનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો છુપાવી વેચાણ પ્રવૃતિ કરે છે.



એલ.સી.બી. સુરેન્દ્રનગરના ઈન્ચાર્જ બી.એલ.રાયજાદા તથા મનસુખભાઈ રાજપરા, કુલદીપભાઇ બોરીયા, કરશનભાઈ લોહ, પેરોલ સ્કોર્ડના પ્રતાપભાઈ ખાચર, ભૂપતસિંહ રાઠોડ વિગેરે સ્થળે દરોડો પાડી ૭૫૦ એમ.એલ.ની શીલબંધ બોટલો નંગ વરહ કી.રૂ.૧,૭૨,૨૫૦/- પકડી પાડી અને આરોપી વિશુ ભરતભાઈ ખાચર રહે. વેલાળા (સા) તા.થાનગઢ હાજર નહીં મળી આવેલ હોય આરોપી વિરૂધ્ધ થાનગઢ પોલીસ સ્ટેશનમાંમુજબ ગુન્હો રજી. કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# રૈયાધાર વિસ્તારમાં લુખ્ખા તત્વોનો આતંકઃ સોડા બોટલના ઘા કરી વાહનોમાં તોડફોડ કરી

## પોલીસે આતંક મચાવનાર સાત શખ્સો સામે ગુનો નોંધી શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયાધા વિસ્તારમાં આવેલા આવાસ કવાર્ટરમાં રીક્ષા અને કારમાં ધસી આવેલા શખ્સોએ સોડાબો ટલના ઘા કરી મકાનના કાચ અને વાહનોમાં તોડફોડ કરી હતી. જેમાં એક યુવાનને ઇજા પહોંચી હતી. મિત્રની માતાર્ને તેના ભાઇ સાથે માથાકુટ થતા તેઓ આશરો લેવા આવતા આરોપીઓએ ધસી આવી તોડફોડ કરી હતી. આ અંગે પોલીસે સાત શખ્સો વિરૂધ્ધ રાયોટીંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ રૈયાધા મફતીયાપરામાં રાણીમાં રૂડીમાં ચોકમાં ૧૨ માળીયા કવાર્ટરમાં રહેતા લાલજી લાલો નગીનભાઈ ચૌહાણ (ઉ.૨૮)એ યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે હસમુખ બાબુભાઇ મકવાણા તેનો પુત્ર



કરણ, અર્જુન ઉપરાંત નવાબ જાહીદભાઈ કાકુ, સુલેમાનભાઈ તેનો પુત્ર તોશીફ અને એક અજાણ્યો શખ્સ હોવાનું જણાવ્યું છે.

ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત રાતે તેઓ ઘરે હતા ત્યારે તેનો મિત્ર દેવરાજભાઈએ ઘરે આવી મારા માતા વિજયાબેનને મારા મામા હરસુખભાઈ મકવાણા સાથે બોલાચાલી થઈ છે જેથી આજની રાત તમારા ઘરે રોકાવા દયો તેમ કહેતા તેણે આશરો આપવાની ના પાડતા તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. બાદમાં ઉપરોકત આરોપીઓ રાત્રીના અઢી વાગ્યાના અરસામાં કાર અને રીક્ષામાં બેસી ઘરે આવ્યા હતા. અને આશરો આપ્યાની શંકાએ તેમના એપાર્ટમેન્ટ ઉપર છુટા સોડા-બોટલના ઘા કરતા મકાનની બારીઓના કાચ ગયેલા એપાર્ટમેન્ટના પર્કિંગમાં પડેલા વાહનોમાં નુકશાન થયું હતું. તથા પાર્કીંગમાં બેઠેલા ધવલભાઈ જાદવને ઇજા થઇ હતી. આ અંગે યુનિવર્સિટી પોલીસે સોડા બોટલના છુટા ઘા કરી નુકશાન કરના સાત શખ્સો સામે રાયોટીંગનો ગુનો નોંધી એએસઆઇ ધર્મેશભાઇ બાલાસરાએ વધુ તપાસ હાથ ધરી છે.

# કલ્યાણ સોસાયટીના હોસ્ટેલમાં ધોરણ-૧૨ની છાત્રાનો આપઘાત

## દ્વારકાની સગીરાએ પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ગળેફાંસો ખાઇ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ દ્વારકા પંથકની વતની અને હાલ રાજકોટમાં હોસ્ટેલમાં રહી ધો. ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી છાત્રાએ પિતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે ફી ભરવાની ચિંતામાં ગળેફાંસો ખાઇ આત્મઘાતી પગલું ભરી લેતા પરિવારમાં માતમ છવાઈ જવા પામ્યો છે.

આ અંગેની માહિતી મુજબ મૂળ દ્વારકાની વતની અને રાજકોટમાં જામનગર રોડ ઉપર કલ્યાણ સોસાયટીમાં આવેલી અર્પણ હોસ્ટેલમાં રહી ધો.૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી શેખ સાહિસ્તાબેન મહમદભાઈ મીલતાની નામની ૧૭ વર્ષની સગીરાએ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે જાણ થતા ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ૧૦૮ ની ટીમે જોઈ તપાસી સગીરાને મૃત જાહેર કરી હતી. આ અંગે યુનિવર્સિટી પોલીસને જાણ થતા યુનિવર્સિટી પોલીસ મથકની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી સગીરાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો અને પોલીસ દ્વારા દ્વારકા રહેતા સગીરાના પરિવારને સગીરાના મૃત્યુની જાણ કરવામાં આવી હતી. જાણ થતા જ દ્વારકા સ્થિત પરિવાર પર આભ તૂટી પડયું હોય તેમ પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. અને પરિવાર રાજકોટ આવવા રવાના થયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક શેખ સાહિસ્તાબેન મીલતાની મૂળ દ્વારકાની વાતની અને બે ભાઈની એકની એક લાડકી બેન હતી. સાહિસ્તાબેન મીલતાની રાજકોટમાં આવેલી અર્પણ હોસ્ટેલમાં રહી ધો.૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી હતી અને તેણીના પિતાની આર્થિક પરિસ્થિત નબળી હોવાથી સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી તેની માસીયાઈ બહેન તેની ફી ચૂકવતી હતી પરંતુ પિતાની આર્થિક પરિસ્થિત નબળી હોવાના કારણે ફી ભરવાની ચિંતામાં સાહિસ્તાબેન મીલતાનીએ ગળેફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ આઈ.ટી. મોરવાડીયા અને રાઈટર જયશ્રીબેન ડાંગર સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# ભગવતીપરાના યુવાને કુવાડવા રોડ પર ઝેરી દવા પી કર્યો આપઘાતનો પ્રયાસ

## ગોંડલમાં રહેતી પત્નીના પ્રેમી ભરવાડ શખ્સે બંનેને મારી નાંખવાની ધમકી આપતા યુવાને પગલું ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભગવતીપરામાં રહેતા મુસ્લિમ યુવકે કુવાડવા રોડ પર આવેલી પટેલ વિહાર રેસ્ટોરન્ટની સામે કપાસમાં નાખવાની ઝેરી મોનોકોટો દવા પી જતાં તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો છે. આ બનાવ અંગે બી-ડીવીઝન પોલીસ મથકને જાણ કરવામાં આવતાં પોલીસે તુરંત સિવિલ હોસ્પિટલે પહોંચી જઈ યુવકનું નિવેદન લેવા તજવીજ શરૂ કરી છે. યુવકે પોલીસને જણાવ્યું હતું કે, પત્નીને ગોંડલમાં રહેતા શખ્સ સાથે આડા સંબંધ હોય તે શખ્સે ધમકી આપતાં પોતે આ પગલું ભરી લીધું હતું.





ભગવતીપરામાં રહેતા નાસીર રજાકભાઈ શાહમદાર નામના ૩૭ વર્ષના યુવકે કુવાડવા રોડ પર આવેલી પટેલ વિહાર નામની હોટલની સામે ઝેરી દવા મોનોકોટા પી જતાં તેમને સારવાર માટે અહિંની સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. નાસીરે જણાવ્યું હતું કે, તેમના આ બીજા લગ્ન છે. તેમને આગલા ઘરનો એક પુત્ર છે તેમજ તેમની પત્ની સલમાના પણ બીજા લગ્ન હોય તેમને સંતાનમાં ચાર પુત્ર છે. પત્ની સલમાને ગોંડલમાં રહેતા વિજય ભરવાડ નામના શખ્સ સાથે પ્રેમ સંબંધ હોય. તેમણે પત્ની સલમાને ધમકી આપી હતી કે પતું તારા પતિ નાસીર પાસે જઈશ તો તમને બન્નેને મારી નાંખીશ બાદમાં સલમાએ તેમના પતિ નાસિરને આ વાત ફોન પર કહેતા નાસીરે કુવાડવા રોડ પર જઈ આ પગલું ભરી લીધું હતું. ઘટનાની જાણ થતાં બી-ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ તુરંત ઘટના સ્થળે દોડી ગયો હતો. તેમજ નાસીરનું નિવેદન નોંધ્યું હતું.

# રાજકોટ આરટીઓમાં GJ 03 BZ સિરીઝના ગોલ્ડન, સિલ્વર નંબરો માટે રી-ઓકશન કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોટરકાર પ્રકારના ટ્રાન્સપોર્ટ એચ.જી.વી. વાહનો માટે GJ 03 BZ સિરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરો માટે ૧૯/૦૨/૨૦૨૪થી ઓક્શન શરૂ કરવામાં આવેલ છે, જેના ગોલ્ડન તથા સિલ્વર અને અન્ય પસંદગી નંબરો મેળવવા ઇચ્છતા વાહન માલિકોએ ાફશિદ્બફવફક્ષ.લજ્ઞદ.શક્ષ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ માટે તા.૧૯/૦૨/૨૦૨૪ થી તા.૨૧/૦૨/૨૦૨૪ સુધી ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે તથા તા.૨૧/૦૨/૨૦૨૪થી તા.૨૩/૦૨/૨૦૨૪ના સાંજના ૦૪:૦૦ કલાક સુધી ઓનલાઇન બિડિંગ પ્રક્રિયા થશે. તા. ૨૨/૦૨/૨૦૨૩ ના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે. ઓનલાઇન ઓક્શનમાં ભાગ લેનાર અરજદારે parivahan.gov.in પર ઓનલાઈન સર્વિસ, fancy number booking પર જઈ, યુઝર આઇડી, પાસવર્ડ તૈયાર કરવાના રહેશે. હરાજીની પ્રક્રિયામાં ભાગ લઈ ચુકવણું કરવાનું




રહેશે અને વાહન નંબર મેળવી હરાજીની પ્રક્રિયા પુર્ણ થયાના ૫ (પાંચ) દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. આર. ટી. ઓ. કચેરી ખાતેથી અપ્રુવલ લઈ નંબર મેળવવો. ઓકશનમાં ભાગ લેવા માટે વાહન વેચાણ તારીખથી સાત દિવસ સુધીમાં ઈગઅ ફોર્મ ઓનલાઈન ભરેલ હોવું જરૂરી છે, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# જીમખાના પાસે એટીએમમાં યુવતીનું કાર્ડ બદલી અજાણ્યા શખ્સે કરી ૧.૪૩ લાખની છેતરપિંડી

## ગોવિંદનગરમાં જુગાર રમતી ચાર મહિલાઓની ધરપકડઃરૂ.૧૦૨૦૦ની રોકડ કબજેઃ ભરણપોષણનો કેસ ર્ક્યાનો ખાર રાખી મહિલાને પતિ સહિતના સાસરિયાઓએ આપી ધમકી

**મુખ્ય સમાચાર રાજકોટ**

જવાહર રોડ પર આવેલા જીમખાના બ્રાંચ એસબીઆઈ બેંકના એટીએમ સેન્ટર પર અજાણ્યા શખ્સે યુવતીનું કાર્ડ બદલી નાખી અન્ય જગ્યાએથી રૂ.૧.૪૩ લાખ ઉપાડી લઈ છેતરપિંડી કરતા એ-ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ માંડા ડુંગર પાસે આવેલ ઓમ તિરૂમાલા પાર્કમાં રહેતો અને અભ્યાસ કરતો જય નારણભાઈ કટારા નામના વિદ્યાર્થીએ એ-ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેના મામાની દીકરી ઉષા પોતાનું એટીએમ કાર્ડ લઈ જવાહર રોડ પર જીમખાના બ્રાંચ એસબીઆઈ બેંકના એટીએમ રૂમમાં પૈસા ઉપાડવા ગઈ હતી. ત્યારે સેન્ટરની અંદર કોઈ અજાણ્યા શખ્સે તેને મદદ કરવાના બહાને તેનું એટીએમ કાર્ડ બદલાવી લઈ અન્ય જગ્યાએથી કાર્ડનો ઉપયોગ કરી ખાતામાંથી કટકેકટકે રૂ.૧૪૩૯૦૦ ઉપાડી છેતરપિંડી કરી હોઈ જેના પગલે પીએસઆઈ પી.કે.ગામેતીયે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જ્યારે એક અન્ય બનાવમાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ ગોવિંદનગર શેરી નં.૧માં રહેતી સોનલ સાગર પંડયા નામની વિપ્ર મહિલાના મકાનમાં જુગાર કામ ચાલતુ હોય જે હકીકતના આધારે હેડ કોન્સ.કેલવીનભાઈ સાગર તથા મહેશભાઈ કછોડ સહિતના સ્ટાફે દરોડો પાડતી જુગાર રમતી સોનલ પંડયા પુનિતનગર પાણીના ટાંકા પાસે કર્મચારી સોસાયટીમાં રહેતી સરોજ વિજય સોનરાત કોઠારિયા રોડ ઉડકો ચોકડી પાસે ગોકુળનગરમાં રહેતી મનિષા જીત વાસાણી તથા રેલનગરમાં સાધુવાસવાણી કુંજ રોડ પર રહેતી નસીફા નૂરમહમદ જૂણેજા સહિત ચાર મહિલાઓની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૧૦૨૦૦ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જયારે અન્ય એક બનાવમાં વિછિંયા તાલુકાના હાથસરણી ગામે રહેતી ભાગ્યશ્રીબેન જગદીશભાઈ ગોહિલ નામની મહિલા ગઈકાલે મીલપરા રોડ પર હતી ત્યારે અગાઉ તેણે ભરણપોષણની ફરિયાદ કરી હોય જેનો ખાર રાખી તેનો પતિ જયદિપ વિઠલ ગોહિલ સાસુ કંચનબેન સસરા વિઠલભાઈએ ફોન કરી બેફામ ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# ગોંડલ નજીક કાર ચાલકે ૧૮૧ની વાન સાથે અથડાવી અકસ્માત સર્જયો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નજીક અવાર નવાર જીવલેણ અકસ્માતો સર્જાયા હોવાની અનેક ઘટનાઓ બનતી રહેતી હોય છે ત્યારે વધુ એક ઘટનામાં ગોંડલ ખાતે કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનની વાનનો અન્ય કાર સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને કારમાં નુકશાન પહોંચ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ ગોંડલમાં કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ નૈતિક ફરજ મુજબ ગત તા.૯ ફેબ્રુઆરીના રોજ હોસ્પોર્ટમાં હતી ત્યારે ખાનગી કાર સાથે અકસ્માત સર્જાયો હતો.બાદમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ દ્વારા અકસ્માત અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણ થતાની સાથે જ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને સમજાવટ બાદ ખાનગી કારના ચાલકે ૧૮૧ મહિલા હેલ્પલાઈનની કારમાં થયેલ નુકશાન રીપેરીંગ કરાવી આપતા મામલો થાળે પડ્યો હતો. આ અંગે ૧૮૧ મહિલા હેલ્પલાઈનના પાઇલોટ પિયુષ સરવૈયાની પૂછપરછમાં તેણે જણાવ્યું હતું. કે અમારી વાન ચાલી જતી હતી. ત્યારે ખાનગી કારના ચાલકે કાવો મારતા અમારી વાન ખાનગી કારના પાછળના ભાગે અડી જતા માઇનોર અકસ્માત સર્જાયો હતો.

# ગોંડલ પંથકમાં વાડીએ ચણા લેવા આવેલી મહિલાને ખેડૂતે ઘેની પ્રવાહી પીવડાવી દુષ્કર્મ આચર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ પંથકનાં એક ગામમાં પરિણીતાને ચણા લેવાં વાડીએ બોલાવી ખેડૂતે થેની પ્રવાહી પિવડાવી ફડાકા ઝીંકી દુષ્કર્મ આચયું હતું. બાદમાં આરોપી નાસી છૂટયો હતો. મોડે સુધી પત્ની ઘરે ન પહોંચતા પતિએ વાડીએ તપાસ કરતાં પત્ની બેભાન હાલતમાં પડી હતી. તુરંત પત્નીને સારવારમાં પ્રથમ ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરાતા પોલીસે દુષ્કર્મ આચરનાર શખ્સને ઝડપી લેવા ચક્રો ગતિમાન ર્ક્યા છે. ગોંડલના ગ્રામ્ય વિસ્તાર માં રહેતી ૩૦ વર્ષીય પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે ગામનો જ રામ કાળુ નામનો શખ્સ તેના ઘર પાસે આવ્યો હતો અને તેણીને પોતાની વાડીએથી ચણા લેવા બોલાવી હતી. બાદમાં વાડીએ ગયેલી મહિલાને આરોપીએ પહેલાં સોડા પિવડાવી બાદમાં ઘેની પ્રવાહી પિવડાવવાનો પ્રયાસ ર્ક્યો હતો પણ મહિલાએ ઈન્કાર કરતાં તેણીને આરોપીએ ફડાકા ઝીંકી ધરારીથી પ્રવાહી પિવડાવી બેભાન કરી બાદમાં મહિલાનું શિયળ લૂંટયું હતું અને બાદમાં તેને ઓરડીમાંજ બેભાન હાલતમાં છોડી ત્યાંથી નાસી છૂટયો હતો. બાદમાં તેના પતિને જાણ થતાં વાડીએ દોડી જઈ તેણીને સારવારમાં પ્રથમ ગોંડલ અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી.વધુમાં ભોગ બનનાર મહિલાના પતિએ જણાવ્યું હતું કે, તેઓ મજૂરી કામ કરે છે અને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે. ગઈકાલે તે કામ પર ગયાં બાદ નવ વાગ્યે તેની પત્નીએ આરોપીની વાડીએ ચણા લેવા જાય છે તેવું જણાવ્યુ હતું. બાદમાં દસ વાગ્યે તેની પત્નીને ફોન કરતાં તેણી બેભાન હાલતમાં વાત કરતી હોય જેથી તેઓએ વાડીએ જઈ તપાસ કરતાં બેભાન હાલતમાં પડેલ હતી અને તેણીએ બેભાન હાલતમાં તેની સાથે થયેલ દુષ્કર્મની વાત જણાવી હતી.